# ગુજરાતી સાહિત્યની કેટલીક ટૂંકીવાર્તામાં અસ્પૃશ્યતા નિવારણ

ડૉ. રાકેશ રાવત

હમણાં જ ગાંધીજયંતી નિમિત્તે ગાંધીવિચાર વિષે ઘણા બધા લોકોએ ચર્ચા- વિચારણા કરી. ગાંધીવિચારમાં અસ્પૃશ્યતા નિવારણનો વિચાર મુખ્ય કહી શકાય. મોહનદાસ કરમચંદ ગાંધી (ઓક્ટોબર ૨, ૧૮૬૯– જાન્યુઆરી ૩૦, ૧૯૪૮) , મહાત્મા તરીકે જાણીતા છે. તેઓ અત્યંત પ્રતિભાસંપન્ન નેતા હતા. તેમણે અંગ્રેજ સરકાર પાસેથી દુનિયા દંગ રહી જાય તે રીતે ભારત દેશને આઝાદી અપાવી. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. તેમના શબ્દોમાં આ ચળવળ એ એક સત્યાગ્રહ હતો; અને આખરે તેમણે સફળતા મેળવી અને એ સાબિત કરી બતાવ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે. તેઓ માનતા હતા કે અસ્પૃશ્યતાએ હિંદુ ધર્મનું અંગ નથી, પણ એમાં પેસી ગયેલો સડો છે, વહેમ છે, પાપ છે, અને તેનું નિવારણ કરવુંએ પ્રત્યેક હિંદુનો ધર્મ છે. તેનું પરમ કર્તવ્ય છે. આ અસપૃશ્યતા વેળાસર નાબુદ ન કરવામાં આવે તો હિંદુ સમાજ અને ધર્મની હસ્તી જોખમમાં છે. જન્મના કારણથી મનાયેલી આ અસ્પૃશ્યતામાં અહિંસા ધર્મનો અને સર્વભૂતાત્મભાવનો નિષેધ થઈ જાય છે. અને મૂળમાં સંયમ નથી, પણ ઊંચપણાની ઉદ્ધત ભાવના જ રહેલી છે. આથી એ સ્પષ્ટ અધર્મ જ છે. એણે ધર્મને બહાને લાખો કે કરોડોની સ્થિતિ ગુલામ જેવી કરી મુકી છે.

**'સ્વદેશ–સેવા' કેશવપ્રસાદની** ટૂંકીવાર્તા**માં સર્વધર્મ સમભાવ અને અસ્પૃશ્યતા નિવારણને મજબૂત કરતાં જોઇ શકાય છે. દુનિયાનાં કેટકેટલી વિચિત્રતાઓ છે. એની ચર્ચાથી** ટૂંકીવાર્તા**ની શરૂઆત થાય છે. મૈત્રીમાં પણ વિચિત્રતાઓ રહેલી આપણને જોવા મળે છે. મહાકવિ ભવભૂતિએ પણ કાંઇક વિચિત્રતા તો લાગેલી પણ તેમણે તો એનો ખુલાસો આપવાનો** પ્રયત્ન **કર્યો હતો.** ટૂંકીવાર્તા**ની શરૂઆત આ રીતે થાય છે.**

**મનહર અને નટવર બે મિત્રો હોય છે. નટવર ભણવામાં ખૂબ જ હોંશિયાર હોય છે તેની સામે મનહર તેના વિરુદ્ધ બાજુનો છે. છતાં બંને વચ્ચે મિત્રતા છે. મનહરના લગ્ન મેનાવતી નામની સ્ત્રી સાથે થાય છે. નટવરના લગ્ન નંદુ નામની સ્ત્રી સાથે થાય છે. બંને મિત્રો એક સાથે ભણે છે. મનહર મોટો થતો નેતા થાય છે. તો નટવર પૂણાની ડેક્કન કોલેજમાં આસિ. પ્રોફેસર બને છે. નંદુ પોતાના ઘરમાં કામ કરવા અત્યંજને રાખે છે. તેન કેળવવા બધા જ પ્રકારની કેળવણી આપે છે તે ગાંધીજીના માર્ગ પર ચાલી અસ્પૃશ્યતા નિવારણનું તેમજ સર્વધર્મ સમભાવનું બીડું ઉપાડે છે.**

**મનહર ગાંધીજીએ આપેલા મત મતાંતરો ઉપર ચાલવાની** ટૂંકીવાર્તા **નટવર કરે છે. મનહર કરતાં નટવર દેશની સેવામાં અને વિચારોમાં આગળ નીકળી જાય છે.** ટૂંકીવાર્તા**ના અંત સુધી દેશ સેવાની જ** ટૂંકીવાર્તા **આવ્યા કરે છે.**

એમાં વચ્ચે–વચ્ચે ગાંધીજીના વિચારો પણ આવી જાય છે. આ ટૂંકીવાર્તામાં નટવર અને નંદુ સમાજના એક આદર્શ નેતા તરીકે ઉભરી આવે છે.

'આદર્શ ઘર્ષણ' ટૂંકીવાર્તા ર.વ. દેસાઈની છે. આ ટૂંકીવાર્તામાં રમેશ અને તેની દાદીમા હરિકુંવર બંને વચ્ચે અસ્પૃશ્યતાને લઈને સંઘર્ષ થતો આપણને જોવા મળે છે. રમેશ ગાંધીવાદીમાં માનનારો અને મૂર્તિપૂજાને વિરોધી જોવા મળે છે. ઉદા. તરીકે, "એ ભણતો હતો ત્યારે ગાંધીયુગને તેના ઉપર ખુબ અસર કરી હતી. ગાંધીજીની ધાર્મિકતા પણ તેમના અનુયાયીઓને મૂર્તિપૂજનને સ્થાન વ્યાપક ઈશ્વરીયતત્વને માનવા તરફ વધારે વાળતો હતો. રમેશમાં એ ગાંધીવાદી ધાર્મિકતા પ્રત્યે, ઉદાસીનતા પ્રવર્તતી, જો કે સત્ય અને પ્રામાણિકતાનો તેનો આગ્રહ વધતો ચાલ્યો ને દાદીએ તે ઉછેરેલો હતો. કારણ કે, તેની બાલ્યાવસ્થામાં જે તેના માતા–પિતા ગત થયા હતા."

ઉપરની ચર્ચાને જોતા આ ટૂંકીવાર્તામાં અસ્પૃશ્યતા નિવારણા આપણને કેન્દ્રસ્થાને જોવા મળે છે. 'સત્યનો પંથ' ટૂંકીવાર્તા ગુલાબદાસ બ્રોકરની છે. આ ટૂંકીવાર્તામાં લેખકે આ સમાજ બદી એવી અસ્પૃશ્યતા પર મુખ્ય પ્રકાશ પાડયો છે. ટૂંકીવાર્તામાં ત્રિવિક્રમ નામનું પાત્ર અત્યંજોની પરિષદમાં જાય છે અને એમને સર્વણોને જે લાભ મળે છે એ અ બધાં જ લાભ મળે એવી હિમાયત કરે છે. ત્રિવિક્રમ પોતે સવર્ણ હોય છે. તેના કારણે તેની જ્ઞાતિના તેમજ બીજા સવર્ણો તેના પ્રત્યે તિરસ્કારની દ્રષ્ટિએ જોવે છે.

ત્રિવિક્રમ અત્યંજોના ઘરે રહે છે. એમની સાથે ખાય–પીવે આ બધું એના કુટુંબ પર અસર પડે છે. એના લગ્ન મંજુલા નામની સ્ત્રી સાથે થયા હોય છે. મંજુલા પણ ત્રિવિક્રમના આવા વર્તનથી તેનો એકલો મૂકીને ચાલી નીકળે છે. ટૂંકીવાર્તા વાંચતા ગાંધીજીનું કાર્ય આપણી નજર સમક્ષ ખડું થાય ને એમને સલામ મારવાનું મન થાય.

'ઘરની વહુ' એ ઈશ્વર પેટલીકરની અસ્પૃશ્યતા નિવારણને લગતી ટૂંકીવાર્તા છે. ટૂંકીવાર્તામાં અસ્પૃશ્યતાના નિવારણ અને સ્ત્રીની સમસ્યા બંને જોવા મળે છે. લતા નામની સ્ત્રી મુકુંદ નામક પુરૂષ કે જે લતા કરતાં નીચી જ્ઞાતિનો છે. તેના વિવાહ ઈન્દુની મદદથી થાય છે. ઈન્દુ મુકુંદની બહેન છે. મુકુંદના પિતા જયોતિષ જોડે બંનેના જન્માક્ષર બતાવે છે. જયોતિષ કહે છે કે, "બે વરસની અંદર સાસુ–સસરાનો ઘાત થાય." એવું જ બને છે ને મુકુંદના પિતા મૃત્યુ પામે છે. હવે લતાને બધા કાળમુખી, આત્માગણી અને વહેમની રીતે જોવે છે. લતાની બા રૂઢિચુસ્ત હતા, તો પણ તે તેના લગ્ન નીચી જ્ઞાતિમાં કરાવે છે. બીજી બાજુ લતાને પણ મુકુંદ ઉપર વિશ્વાસ ઉઠી જાય છે અને વિચારે છે કે, "કમળાબાએ મારા કપાળમાં ચાલ્લો અને અક્ષત ચોંટાડયો ત્યારે મને થયુ, આ જ હાથ કોઈ વખત ડામ દે તો મુકુંદ આમ મારી પડખે ઉભો રહે ખરો ?"

લતાના સસરા મૃત્યુ પામ્યા પછી ઈન્દુ કમળાબહેન અને મુકુંદ પોતે પણ આને ઘરમાંથી કાઢવાનું વિચારે લે છે. લતા એની મેળે જ એક સ્ત્રી સંસ્થામાં જતી રહે છે. લતાના પિતા પેપરમાં બે–ત્રણ જાહેરાત આપે છે. પણ લતાને ઘરે જવાની ઈચ્છા હોતી નથી.

ટૂંકીવાર્તામાં અસ્પૃશ્યતા નિવારણ ગાંધીજીનાં વિચાર સ્પષ્ટપણે લતાના બાને મોઢે આપણને જોવા મળે છે. લ તાના પિતા કહે છે કે, "ઉચનીચના ભેદને લીધે મારાથી કન્યા ન અપાય? તું રહી અભણ જવી, જૂના વિચારની." ....બાને મીઠી ખીજ વ્યકત કરતાં કહ્યું : 'જૂના વિચારની, જૂના વિચારની કહી મને તમે વગોવો છો, પણ મેં તમારા કયા નવા વિચાર પ્રમાણે વર્તન ન કર્યું ? ૧૫ મી ઓગસ્ટને દિવસે હરિજનો સાથે ભેંગા બેસી જમવા આપણી સોસાયટીમાંથી

કેટલા બૈરાં આવ્યા હતા ? છતાં તમે કર્તાકારવતા રહ્યા, એટલે તમારા ઘરમાં તોલ સુધારો કરો એવું કોઇ તમને ન કહે એ કારણે હું જમવા આવી ઘરમાં હરિજન નોકર રાખ્યો છે તે સોસાયટીવાળાં બધા અંદર–અંદર ટૂંકીવાર્તા કરે છે, કોણ કોણ એ કારણે આપણે ઘેર નથી આવતું એ પણ મારી ઘ્યાન બહાર નથી."

આમ, ઉપરના વર્ણનમાં 'બા' ના વર્તનમાં ગાંઘીપ્રભાવ જોવા મળે છે. 'પારસમણિ' પણ ઇશ્વર પેટલીકરની ટૂંકીવાર્તા છે. આ ટૂંકી ટૂંકીવાર્તામાં દલિત સમાજ પ્રત્યેની સહાનુભૂતિ જોઇ શકાય છે. પારસમણિ નવલિકામાં ગાંઘીમાર્ગે સુધારાનું કામ કરતાં સવર્ણ દંપતી આનંદીબહેન અને સુમનભાઇ ટૂંકીવાર્તાના કેન્દ્રમાં હોય એવો આભાસ કરાવીને અંતે લેખક ગરીબ અને પછાત રાવળ કોમના નાથાના હૃદયમાં અસ્પૃશ્યતાના વહેમમાંથી મુકત થઈ વાલીને દીકરી માનવા સુધી વિકસે છે.

'રૂપવતી' નામક ટૂંકી ટૂંકીવાર્તા નવલભાઇ શાહ આપે છે. આ ટૂંકીવાર્તામાં વિક્રમપુરાના નગરશેઠની પુત્રી રૂપવતીની ટૂંકીવાર્તા છે. એ એટલી બધી સુંદર હતી કે એના રૂપને જોઇને કોઇપણ વ્યકિત અંજાય જાય. શેઠને ત્યાં સફાઇ કરવા જતો ભંગી રૂપવતીને જોઇને તેના રૂપથી મોહિત થઈ જાય છે તે ખાવા–પીવાનું દે છે. તેના દિલદિમાગમાં રૂપવતી સિવાય કોઇ નથી. ભંગીની પત્ની ઝકલી પતિની આવી દશા જોઇને ખૂબ જ ચિંતિત છે તે બધી જ ટૂંકીવાર્તા રૂપતવનીની કરે છે. રૂપવતી નગરશેઠની પુત્રી હોવા છતાં કોઇ ભેદભાવ રાખ્યા વિના ભંગીની ટૂંકીવાર્તા સ્વીકારી જો એના પતિ સાત દિવસ સુધી ભગવાનનું ઘ્યાન ધરશે તો હું એની સાથે લગ્ન કરીશ એવું વચન આપે છે.

ભંગી સાત દિવસ રામનામમાં લીન થઈ જાય છે અને તે પરમહંસ મહાત્મા તરીકે લોકોમાં પૂજાવા લાગે છે. રૂપવતી આ સ્થિતિ જોઇન એની સાથે પરણવાની ઇચ્છા વ્યકત કરે છે. તો ભંગી જ ના પાડી દે છે. આમ, આ ટૂંકીવાર્તામાં લેખકે જન્મ કરતાં કર્મને મહાન બતાવી અસ્પૃશ્યતા નિવારણની ટૂંકીવાર્તા અહી કરેલી જોવા મળે છે.

'રાજી ભંગડી' ચુનીલાલ મડિયાની ટૂંકી છે. આ ટૂંકીવાર્તામાં રાજી ભંગડી એ એક ખુમારી ભરેલી એવી સ્ત્રીનું પાત્ર આપણી સમક્ષ જોવા મળે છે. ભંગી કે હરિજનોની સ્ત્રીઓનું શોષણ આ સમાજ કેવી રીતે કરે છે. એની વાસ્તવિકતા 'રાજી ભંગડી' ટૂંકીવાર્તામાં જોવા મળે છે. રાજી ખૂબ જ દેખાવડી એવી સ્ત્રી હોય છે. આખા ભંગી વાસમાં એના રૂપના વખાણ થતાં હોય છે. રાજીનના રૂપ પર જમાદાર મોહિ પડે છે. રાજીનું રૂપ જોઇએ તો, "કુણા ગુલાબી હોઠ વચ્ચે પોથીરંગ્યા દાંત, પાકેલા દાડમની રાતીચોળ કળીઓની જેમ ચમકી ઉઠયા. એ હાસ્ય વખતે એના ગાલમાં પડતાં ગાલની નીકોમાં અનેક જમાદારોને તાણી જવાની શકિત હતી."

રાજીનો પતિ ઉકલાને આ ટૂંકીવાર્તાની ખબર પડે છે જમાદારની દાનત રાજી પર બગડી છે. ઉકલો રાજીને જમાદારને ત્યાં કામ કરવા જવાની ના પાડે છે, પણ રાજીને ઘર ચલાવવા માટે કામ પર જવું પડે છે. એવી સ્થિતિ હોવાથી એ દરરોજ જતી ઉકલો એની સાથે રોજ મારઝુડ કરતો. એક દિવસ રાજી સવારે વહેલી ઉકલાને કહે છે કે હું કામ પર જાઉં છું, રાજી એવું કહીને કૂવામાં પડી આત્મહત્યા કરે છે. રાજીનું પંચનામું કરવા

**આવેલા પંચો લખે છે કે "કુવેવડવીને કાંઠો કે વંડી ન હોવાથી મજદૂર રાજીનો પગ લપસી જવાથી અંદર પડી ગઈ અને મૃત્યુ નીપજયું છે."**

**આમ, ટૂંકીવાર્તામાં કરુણતા એ છે કે રાજી જમાદાર અને તેના પતિને લીધે આત્મહત્યા કરે છે. તેમ છતા બધાની સમક્ષ કંઇ બીજું જ કહેવામાં આવે છે.**

સાહિત્ય હમેશા સમાજની ગતિવિધિને અનુસરે તો ઘણો મોટો લાભ થાય તેમ છે. ગાંધીજી તેરવિધ રચનાત્મક પ્રવૃતિઓ દ્વારા રાષ્ટ્રની આઝાદી અને નવનિર્માણને ઝંખતા હતા. જેમાં અસ્પૃશ્યતા નિવારણને તો તેઓએ ધાર્મિક પ્રવૃતિ લેખી વિશ્વબંધુત્વની દિશામાં મોટું પગલું ગણાવ્યું હતું. અસ્પૃશ્યતા નિવારણના તેમના વિચારો જાહેર જીવનના પ્રારંભથી જ રહ્યા હતા. ભારતીય સમાજ ઊંચનીચના બંધનો ત્યાગે અને સામાજિક સમરચના થાય એ ગાંધીજીનું સ્વપ્ન હતું. હિંદુ સમાજમાં સદીઓથી જડ નાખી ચુકેલા અસ્પૃશ્યતાના દૂષણને નાથવા સમયે સમયે પોતાની વૈચારીક મક્કમતા દર્શાવી હતી. તેમણે લખ્યું છે કે “હું માનું છું કે અસ્પૃશ્યતા કેવળ મનુષ્યએ જ પેદા કરેલી છે, અને લોકોના નૈતિક કે બૌદ્ધિક વિકાસ સાથે કશો સંબંધ નથી. તેનું કારણ એટલું જ કે હિંદુસમાજમાં એવા માણસો અસ્પૃશ્ય ગણેલા દેખાય છે જે નીતિને બુદ્ધિના વિકાસમાં ઊંચામાં ઊંચા સવર્ણ હિંદુની બરાબરી કરી શકે તેવા હોય ને છતા તેમને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. અસ્પૃશ્યતાથી મુક્ત એવા સમાજનું મારું ચિત્ર એ છે કે, એમાં કોઈ માણસ પોતાને બીજાથી ઊંચો નહીં ગણે.”

**સંદર્ભસૂચી**

1. ત્રિવેદી, રમેશ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ..-૧૯૯૪
2. પટેલ, રણજીત પ્રો.રામચંદ્ર પંડ્યા.અર્વાચીન ગુજરાતી સાહિત્યસ્વરૂપોનો વિકાસ- આ.૧૯૩૯
3. કોઠારી, જયંત ટૂંકીવાર્તા અને ગુજરતી ટૂંકીવાર્તા .–૧૯૭૭
4. વીજળીવાળા, શરીફા ટૂંકીવાર્તામાં કથનકેન્દ્ર –૨૦૦૦
5. પાઠક, જયંત અને રમેશ શુક્લ ટૂંકીવાર્તા સ્વરૂપ અને સહિત્ય- ૧૯૬૭
6. મહેતા, મકરન્દ હિંદુ વર્ણવ્યવસ્થા, સમાજ પરિવર્તન અને ગુજરાતનાં અસ્પૃશ્યો, અમી પબ્લિકેશન, અમદાવાદ, 1995.
7. મકવાણા, મનુભાઈ એચ., સામાજિક બહિષ્કાર અને સામાજિક સમાવેશનું સમાજશાસ્ત્ર, ગર્ગ પબ્લિકેશન, અમદાવાદ.
8. મશરૂવાળા, કિશોરલાલ, ગાંધીવિચાર દોહન, નવજીવન, અમદાવાદ, ચોથી આવૃતિ, બીજુ પુર્નમુદ્રણ, 2010.
9. ગાંધી, મોહનદાસ ક., સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન, અમદાવાદ, પુર્નમુદ્રણ, એપ્રિલ 2012.